Digital Copy

શુભ દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 20 | 25 October 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujrat2025@gmail. com | CANADA |

श्रीमद्भगवद्गीता पाठशाला

1926

## પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલે પ્રણીત શ્રીમદ્ભગવદ્ગીતા પાઠશાળાના શતાબ્દી પર્વ પર સ્વાધ્યાય પરિવારના કોટિ કોટિ વંદન

• શત-પ્રણતિ •



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

## 25 ઓક્ટોબરથી આવતા શનિવાર સુધી

**મેષ રાશિ અ, લ, ઈ** તમારી પાસે ઘણી ઉર્જા રહેશે, પરંતુ કાર્યનો ભાર તમારા ગુસ્સોનું કારણ બની શકે છે.પરંતુ આ સમયગાળા દરમિયાન તમે સારા સ્વાસ્થ્યની મજા માણતા અને તમારા પરિવાર સાથે સારી વાનગીઓ ખાતા જોશો. દરેક પ્રકારના લાંબા ગાળાના રોકાણને ટાળવું પડશે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** તમારી સારવારમાં પરિવર્તન તમારા સ્વાસ્થ્યમાં ઘણી સકારાત્મકતા લાવશે. આ માટે, તમારી રૂટિનમાં પણ સાચા સુધારો કરો અને જો જરૂરી હોય તો સારા ડોક્ટરની પાસેથી તમારી ડાયટ પ્લાન મેળવો. આ સમયગાળો તમને આર્થિક રીતે મજબૂત બનાવશે.

**મિથુન રાશિ ક, છ, ઘ** તમારે કેટલાક કંટાળાજનક કાર્યોમાંથી સમય કાઢવો, આરામ કરવો અને નજીકના મિત્રો અને પરિવાર સાથે કેટલાક ખુશ પળો વિતાવવાની જરૂર રહેશે. કારણ કે તમને આંતરિક સુખ આપવા ઉપરાંત, તમને તમારી કાર્યક્ષમતા વધારવાની તકો પણ મળશે.

**કર્ક રાશિ ડ, હ** જેઓ જીમમાં જાય છે તેઓએ આ અઠવાડિયે વધારે વજન ઉતારવાનું ટાળવું જોઈએ, નહીં તો તમારા સ્નાયુઓ ખેંચાઈ શકે છે. આ સિવાય ખાસ કરીને તમારા સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વધુ સારા સમયની સંભાવના હોય તેવું લાગે છે. તમે વધારે પૈસા કમાઇ શકો છો.

**સિંહ રાશિ મ, ટ** તમારે સ્વાસ્થ્ય સંબંધિત કોઈ પડકારોનો સામનો કરવો નહીં પડે. તેથી, યોગ અપનાવો, નિયમિત વ્યાયામ કરો અને સારા સ્વાસ્થ્યનો આનંદ લો. કારણ કે સ્વાસ્થ્ય માટેની તમારી તકેદારી અને નિયમિત રૂપે તમારી ભૂતકાળની ઘણી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** કસરત અથવા યોગને તમારા જીવનનો ભાગ બનાવી શકો છો. કારણ કે આ સમયે ઘણા ગ્રહો નક્ષત્રોની અનુકૂળ હિલચાલ તમને તમારા સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવા માટે પ્રોત્સાહિત કરશે. તેથી, તેનો સારો અને યોગ્ય લાભ લો.

**તુલા રાશિ ર, ત** કોઈ એક અંગમાં પીડા અથવા તાણને લગતી સમસ્યાઓનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં, તમારા શરીરની સંભાળ લેતી વખતે, કોઈ પણ રોગ પ્રત્યે બેદરકારી દાખવવાનું ટાળો. નહિતર, તે સમસ્યા ભવિષ્યમાં તમારા માટે મુશ્કેલીનું કારણ બની શકે છે.

**વૃશ્ચિક રાશિ ન, ય** અન્યની ટીકા કરવામાં સમય અને શક્તિનો વ્યય કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સૌથી વધુ સમજવાની જરૂર છે કે, આ સમયે, તે તમારી છબી તેમજ તમારા આરોગ્ય પર ખરાબ અસર કરી શકે છે. તેથી સકારાત્મક વિચારો અને તમારી વાણીમાં પણ મધુરતા લાવો.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** જો તમે મેદસ્વીપણાની સમસ્યાથી પરેશાન છો, તો આ અઠવાડિયામાં તમારે તમારા વજન પર સતત નજર રાખીને સુધારવાની સૌથી વધુ જરૂર રહેવાની છે. આ માટે, તમારાથી વધારે પડતું ખાવાનું ટાળવું અને નિયમિતપણે યોગ કરવું તમારા માટે શ્રેષ્ઠ રહેશે.

**મકર રાશિ ખ, જ** સ્વાસ્થ્યની દૃષ્ટિથી, પરિસ્થિતિ સંપૂર્ણપણે તમારી તરફેણમાં દેખાશે. જેના દ્વારા તમે સારા અને સારા સ્વાસ્થ્યનો આનંદ માણશો. વળી, આ રાશિના વૃદ્ધ લોકો, આ સમય દરમિયાન તમે ઘૂંટણ અને હાથની લાંબી સમસ્યાઓથી રાહત મેળવી શકો છો.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** સ્વાસ્થ્યમાં ઘણા સકારાત્મક પરિવર્તન તમને ક્ષેત્ર અને સામાજિક જીવનમાં અન્ય લોકો સાથે વાતચીત કરવામાં મદદ કરશે. જેના કારણે તમારી હિંમત અને આત્મવિશ્વાસ વધશે, સાથે જ તમે દરેક નિર્ણય લેવામાં તમારી જાતને સંપૂર્ણ રીતે સક્ષમ જોશો.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા સારું રહેશે, તમે તાજગી અનુભવતા હશો. આ તે સમય હશે જ્યારે તમે તમારા ખુશ વલણથી, ખુલ્લેઆમ અન્ય લોકો સાથે મજાક કરતા જોશો. પૂરતા ધનના અભાવને કારણે, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે.

શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054
વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો

### તંત્રી લેખ

# નૂતન વર્ષ : એક નવો ઉજાસ
# સાલ મુબારક!

**Jai Jai Garvi Gujarat!**
વહાલા વાચકમિત્રો

'ગરવી ગુજરાત' ડિજિટલ ગુજરાતી સાપ્તાહિક (કેનેડા)ના સૌ વાચકો, લેખકો અને શુભચિંતકોને નૂતન વર્ષાભિનંદન! વિક્રમ સંવતના આ શુભારંભે આપ સૌના મંગળની કામના સહ હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું.

વર્ષનો એક પડાવ પૂરો થયો અને બીજો આરંભાઈ રહ્યો છે. વીતેલા વર્ષની ખાટી-મીઠી યાદો અને અનુભવો સાથે આપણે એક નવા અધ્યાયમાં પ્રવેશ કરી રહ્યા છીએ. નૂતન વર્ષ એટલે માત્ર કેલેન્ડરની તારીખ બદલવી નહીં, પણ જીવનમાં એક નવી આશા, નવો ઉત્સાહ અને નવા સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા.



પ્રાર્થના છે કે આ નવું વર્ષ આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદ લઈને આવે. આપ સૌના ઘરમાં મા લક્ષ્મીજીની કૃપા સદાય વરસતી રહે અને આપનું પ્રત્યેક કાર્ય સિદ્ધિના શિખરો સર કરે.

ખાસ કરીને, સૌના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે અંતરની પ્રાર્થના કરું છું. જીવનનો ખરો આનંદ અને પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે તન અને મન સ્વસ્થ હોય. ઈશ્વર આપ સૌને દીર્ઘાયુ અને નિરોગી જીવન અર્પે.

આપણા સૌના કલ્યાણ અને મંગલની ભાવના સાથે, હું શુભેચ્છા પાઠવું છું કે આ નવું વર્ષ તમારા જીવનમાં નવી ખુશીઓ, નવા લક્ષ્યો અને નવી પ્રેરણાઓ લાવે. આ વર્ષરૂપી સમયનું વધુ એક પગલું આપણને ઈશ્વરની નજીક દોરે, આધ્યાત્મિક શાંતિ અને સંતોષની અનુભૂતિ કરાવે એવી મારી દિલથી શુભકામના છે.

કેનેડાની ધરતી પર રહીને પણ આપણે આપણી 'ગરવી ગુજરાત'ની સંસ્કૃતિ અને ભાષાના વારસાને જીવંત રાખ્યો છે. આવો, આ નવા વર્ષે આ પ્રયત્નને વધુ બળવાન બનાવીએ.

આપને અને આપના સમગ્ર કુટુંબીઓને પુનઃ એકવાર નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ!

સાલ મુબારક!

સૌના કલ્યાણ અને મંગલની પ્રાર્થના સહ...

શુભેચ્છક,
સુગ્નેશ પટેલ
તંત્રી, 'ગરવી ગુજરાત'
ડિજિટલ ગુજરાતી સાપ્તાહિક, કેનેડા

સુજ્ઞેશ પટેલ (તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યૂઝ પેપર) 4379670062

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યૂઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો

## ગમ્મત સાથે જ્ઞાન




**Champion-** ( ચેમ્પિયન ) =
1. શ્રેષ્ટ
2.હરીફાઈ/સ્પર્ધા માં પ્રથમ નંબરે આવવું

ચંપી (Champi) નામની એક છોકરી એ 400 મીટર દોડની સ્પર્ધા માં ભાગ લીધો .જે 400 મીટર ને અંતે પ્રથમ પહોંચે તેણે ત્યાં જઈને સ્વિચ ઑન (on) કરવાની . બીજા કરતાં આગળ નીકળી ગઈ આખરે સ્વિચ ચંપી (Champi) ઑન (on) કરતી ગઈ અને Champion બની ગઈ .[Champi + on= Champion ]

સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


Wish You Happy Diwali and New Year
I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

SINCE 2000

scan me

Wish You Happy Diwali and New Year

## 1,40,000 કરતાં વધુ ફેમિલી ટૂર ના સફળ આયોજક

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

## ઓક્ટોબર

**સ્વિટ્ઝર્લેન્ડ અને પેરિસ**
09 રાત્રિ - 10 દિવસ
22 ઓક્ટોબર

**આઈસલેન્ડ**
09 રાત્રિ - 10 દિવસ
22 ઓક્ટોબર

**તુર્કી**
10 રાત્રિ - 11 દિવસ
21 ઓક્ટોબર

**અમેરિકા**
12 રાત્રિ - 13 દિવસ
22 ઓક્ટોબર

**સાઉથ આફ્રિકા**
11 રાત્રિ - 12 દિવસ
20, 22, 23, 31 ઓક્ટોબર

**ન્યુઝીલેન્ડ**
12 રાત્રિ - 13 દિવસ
19, 20, 22 ઓક્ટોબર

**ઓસ્ટ્રેલિયા**
12 રાત્રિ - 13 દિવસ
19, 21, 22, 23 ઓક્ટોબર

**વિયેતનામ**
08 રાત્રિ - 09 દિવસ
21,23,24 ઓક્ટોબર

**શ્રીલંકા**
07 રાત્રી - 08 દિવસ
12, 22, 23 ઓક્ટોબર

**વિયેતનામ**
10 રાત્રિ - 11 દિવસ
23 ઓક્ટોબર

**અઝરબૈજાન**
07 રાત્રી - 08 દિવસ
20, 22, 23, 24, ઓક્ટોબર

**અઝરબૈજાન & જ્યોર્જિયા**
11 રાત્રિ - 12 દિવસ
22 ઓક્ટોબર

## ડિસેમ્બર - 2025 થી માર્ચ - 2026

**ઓસ્ટ્રેલિયા**
11 રાત્રિ - 12 દિવસ
07 ડિસેમ્બર, 20 જાન્યુઆરી
06 ફેબ્રુઆરી, 16 ફેબ્રુઆરી

**ન્યુઝીલેન્ડ**
11 રાત્રિ - 12 દિવસ
19 જાન્યુઆરી
15 ફેબ્રુઆરી - 06 માર્ચ

**ન્યુઝીલેન્ડ & ઓસ્ટ્રેલિયા**
17 રાત્રિ 18 દિવસ
21 જાન્યુઆરી
17 ફેબ્રુઆરી

**સાઉથ આફ્રિકા**
10 રાત્રિ - 11 દિવસ
12 ડિસેમ્બર - 18 જાન્યુઆરી
12 ફેબ્રુઆરી - 22 માર્ચ

**આઈસલેન્ડ**
09 રાત્રિ - 10 દિવસ
01 માર્ચ

**વિયેતનામ**
08 રાત્રિ - 09 દિવસ
08 જાન્યુઆરી - 15 જાન્યુઆરી
20 ફેબ્રુઆરી - 02 માર્ચ

**સ્કેન્ડીનેવ્યા**
12 રાત્રિ - 13 દિવસ
15 માર્ચ

## હેડ ઓફિસ

એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ,
સી.જી. રોડ અમદાવાદ–૩૮૦૦૦૯, ગુજરાત

**બ્રાંચ ઓફિસ** નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ
જામનગર - ગાંધીનગર - કલોલ

+91 99989 77746, +91 7574000353

www.bestvoyage.in

## બોલ અબોલના

વિષય: અબોલ જીવસેવા (મારો મનગમતો વિષય, શ્રેષ્ઠ કર્મ)
'હર્ષ'થી ચાલો થોડા માણસ બનીએ...
ચાલો માણસ, માણસ બનીએ;
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ચાલો માણસ માણસ રમીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ચાલો થોડા માણસ બનીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
એક પાણી ભરેલો કુંજ મૂકીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
સવાર સાંજ બે રોટલી આપીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
થોડું લીલું ઘાસ આપતા રહીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
જે મળે એ, જે ખાય એ ધરીએ;
અબોલ જીવો માટે કંઈક કરીએ.
આ સમાચાર ફેલાવતા રહીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
છે સમજદાર આ અબોલ જીવો,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
એમને છાંયડો આપવા કંઈક કરીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ઠંડીમાં કોથળા ગાદલાં પાથરીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ગાડી નીચે સૂતાં હોય છે અબોલ જીવો,
ગાડી ચાલુ કરતાં પહેલાં નીચે ચકાસીએ,
અબોલ જીવો માચે કંઈક કરીએ.
ઘરની બહાર પાણી મૂકતા રહીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
માણસને ભગવાને વાચા આપી છે,
ચાલો આપણે અબોલની બોલી સમજીએ,
આપણે અબોલનો અવાજ બનીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
અબોલ જીવસેવા એ પણ પુણ્ય છે,
દરરોજ થોડો સમય આ પુણ્ય કરીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ચાલો માણસ માણસ રમીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ,
'હર્ષ'થી ચાલો, થોડા માણસ બનીએ.
અબોલ જીવો માટે કંઈક કરીએ.
આવો 'પરખ' કરીએ અબોલના દુ:ખ દર્દ,
સાચા માણસ બનીને અબોલને 'હર્ષ' આપીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ચાલો માનવ બનીને અબોલ જીવોને અપનાવીએ,
અબોલ જીવો માટે ઠેર ઠેર રહેવાની જગા બનાવીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ભગવાને માનવદેહ આપ્યો છે, પુણ્યના કામ કરીએ,
આંખ મિંચાય એ પહેલાં અબોલ જીવો ને સત્કારીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
ભગવાને અબોલને વાચા નથી આપી તો શું થયું?
આપણે સૌ 'હર્ષ'થી અબોલના બોલ બનીએ,
અબોલ જીવો માટે કંઈક કરીએ.
સાચી 'પરખ' કરીએ અબોલની જરૂરતો,
તમામ અબોલની લાગણી સ્વીકારીએ, સમજીએ;
અબોલ જીવો માટે કંઈક કરીએ.

સંપાદક: હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ' અમદાવાદ-નારદીપુર

## તુલસી વિવાહ

લેખક વૈષ્ણવ શ્રી કિરીટભાઈ પટેલ -મોનાબેન પટેલ કેનેડા



શાસ્ત્રો મુજબ દેવપોઢી અગિયારસથી ભગવાન સૂતેલા હોવાથી તેમને દેવઉઠની અગિયારના રોજ જગાડવામાં આવે છે. તેથી આ દિવસને પ્રબોધિની એકાદશીના નામે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે તુલસી વિવાહ રચવામાં આવે છે.

પુરાણગ્રંથો મુજબ ભગવાન વિષ્ણુએ તુલસી સાથે ભાવાત્મક વિવાહ કર્યા તેથી ગોપીઓ તુલસીને પોતાની સૌતન માને છે. આ દિવસે તુલસીને શ્રૃંગારિત કરવામાં આવે છે અને શેરડી વડે મંડપ બાંધવામાં આવે છે. તુલસીજીને લાલ કે લીલા રંગની ચુંદડી ઓઢાડવામાં આવે છે. તુલસી વિવાહ સાંજના મુહુર્તમાં કરવામાં આવે છે.

### તુલસી વિવાહ કથા

કાર્તિક શુક્લ એકાદશીએ તુલસી પૂજનનો ઉત્સવ મનાવવામાં આવે છે. પરંતુ ઉત્તર ભારતમાં આનું વિશેષ મહત્વ છે. તુલસીને વિષ્ણુ પ્રિયા પણ કહેવામાં આવે છે. આમ તો તુલસી વિવાહને માટે કાર્તિક શુક્લ નવમીની તિથિ યોગ્ય છે. પરંતુ કેટલાક લોકો અગિયારસથી પૂનમ સુધી તુલસી પૂજન કરીને પાંચમાં દિવસે તુલસીનું લગ્ન કરે છે. તુલસી વિવાહની આ પધ્ધતિ સૌથી વધુ પ્રખ્યાત છે.

તુલસી વિવાહ કેવી રીતે કરશો ?

ત્રણ મહિના પહેલાથી તુલસીના છોડને નિયમિત સીંચો અને તેનું પૂજન કરો.

પ્રબોધિનિ, ભીષ્મપંચક અથવા જ્યોતિ શાસ્ત્રોક્ત વિવાહ મૂર્હતમાં મંગળગીતો અને મંત્રોચ્ચાર દ્વારા તોરણ-મંડપ વગેરેનું નિર્માણ કરો.

ત્યાર પછી ચાર બ્રાહ્મણો દ્વારા ગણપતિ-માતૃકા પૂજન અને પુળ્યાવાચન કરાવો.

ત્યાર બાદ શ્રી લક્ષ્મીનારાયણ અને તુલસીના છોડ સાથે અથવા સોના-ચાંદીની તુલસીને શુભ આસન પર પૂર્વ તરફ મોઢુ રાખીને બેસાડવાં.

ગોધુલી (સાંજના) સમયમાં વર (ભગવાન) નું પૂજન કરવું

ત્યારબાદ મંત્રોચ્ચાર સાથે કન્યા(તુલસી) નું દાન કરો.

ત્યારબાદ કુશકંડી હવન અને અગ્નિ પરિક્રમા કરાવો.

પછી વસ્ત્ર, ઘરેણા વગેરે આપો.

ત્યારપછી શક્તિ મુજબ બ્રાહ્મણ-ભોજ કરાવો અને પછી પોતે ભોજન કરો.

છેલ્લે માંગલિક ગીતો સાથે વિવાહ કાર્યક્રમ સંપન્ન કરો.

## Wish You Happy Diwali and New Year



**Wish You Happy Diwali and New Year**

# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing
Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

**RAJENDRA PARMAR**

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

**Wish you Happy Diwali and New Year**

ANB IMMIGRATION

LOOKING FOR AN
# IMMIGRATION SPECIALIST

RCIC
Regulated Canadian Immigration Consultant

**HEAD OFFICE**

6201 Hwy 7, Suite# 10, Woodbridge, ON, L4H0K7

*"Gateway to the Future"*

SCAN FOR FREE ASSESSMENT

## OUR SERVICES

- Super Visa
- Express Entry
- PR Card Services
- Student Visa
- Provincial Nominee Program (PNP)
- Visitor Visa
- Spousal Sponsorship
- Work Permit (LMIA)
- Family Class Sponsorship
- Canadian Experience Class (CEC)

**YOUR TRUSTED IMMIGRATION PARTNER**

Off: 905-230-4737
Toll Free: 1-800-431-8499
info@anbimmigration.com
www.anbimmigration.com


Wish you Happy Diwali and New Year
"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

### અગત્યની જરૂરી માહિતી ખાસ વાંચો

# "સાયબર ક્રાઈમ : ડિજિટલ યુગનો નવો ખતરો"

## સોશિયલ મીડિયા પરથી વધતી ઠગાઈઓ અને સુરક્ષાના જરૂરી પગલાં

માહિતી સંકલન તંત્રી શ્રી સુગ્નેશ પટેલ ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર

આજના ડિજિટલ યુગમાં જ્યાં એક ક્લિકથી કામ સરળ બને છે, ત્યાં જ ગુનાહિત પ્રવૃત્તિઓના નવા રસ્તા પણ ખુલી ગયા છે. ઈન્ટરનેટ, મોબાઈલ અને સોશિયલ મીડિયા આપણા જીવનનો ભાગ બની ગયા છે – પરંતુ સાથે સાથે સાયબર ક્રાઈમ પણ ચિંતાનો વિષય બની ગયો છે.

સાયબર ક્રાઈમ એટલે શું?

સાયબર ક્રાઈમ એ એવો ગુનો છે, જેમાં કમ્પ્યુટર, ઈન્ટરનેટ કે ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરીને ઠગાઈ, હેરાનગી કે માહિતીની ચોરી કરવામાં આવે છે.

આ ગુનામાં ગુનેગાર વ્યક્તિના બેંક એકાઉન્ટ, પાસવર્ડ, ફોટા કે વ્યક્તિગત માહિતીનો દુરૂપયોગ કરે છે.

તાજેતરમાં વધેલા સાયબર ગુનાના પ્રકાર

બેંકિંગ અને ઓનલાઈન ઠગાઈ: ફેક લિંક, કોલ કે OTP દ્વારા ખાતામાંથી રૂપિયા ઉડાવી લેવાય છે.

સોશિયલ મીડિયા હેકિંગ: એકાઉન્ટ હેક કરીને ઓળખનો દુરૂપયોગ થાય છે.

ફોટા-વિડિયો મિસયુઝ: યુવતીઓના ફોટા એડિટ કરીને બ્લેકમેલિંગ કે બદનામી.

ઓનલાઈન સ્કેમ્સ: નકલી રોકાણ, લોટરી કે ઓફરથી લોકો ઠગાય છે.

સાયબર બુલિંગ અને ટ્રોલિંગ: સોશિયલ મીડિયામાં અપમાનજનક ભાષા, ખોટી વાતો કે માનસિક ત્રાસ.

સાવચેતી રાખવી એ જ રક્ષા

અજાણ્યા લિંક્સ કે મેસેજ પર ક્લિક ન કરો.

પાસવર્ડ મજબૂત રાખો અને સમયાંતરે બદલો.

વ્યક્તિગત માહિતી કે ફોટા જાહેર ન કરો.

શંકાસ્પદ એકાઉન્ટ બ્લોક કરો અને રિપોર્ટ કરો.

ફક્ત સત્તાવાર વેબસાઈટ કે એપ જ વાપરો.

બેંક સંબંધિત કોઈપણ કોલ આવે તો ચકાસણી વગર OTP કે PIN ક્યારેય ન આપો.

સરકાર અને પોલીસના પ્રયાસો

દરેક જિલ્લામાં સાયબર ક્રાઈમ સેલ કાર્યરત છે.

નાગરિકો www.cybercrime.gov.in પર જઈને ઑનલાઈન ફરિયાદ નોંધાવી શકે છે.

તાત્કાલિક મદદ માટે હેલ્પલાઈન નંબર 1930 પર ફોન કરી શકાય છે.

પોલીસ વિભાગ અને શૈક્ષણિક સંસ્થાઓમાં સાયબર જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે.

અંતિમ શબ્દ

ટેક્નોલૉજી આપણા જીવનને સુખદ અને ઝડપી બનાવે છે, પરંતુ એ સાથે જાગૃતિ અને સાવચેતી પણ એટલી જ જરૂરી છે.

ઈન્ટરનેટનો ઉપયોગ સમજદારીથી કરો, માહિતી શેર કરતા પહેલાં વિચાર કરો – કારણ કે "ડિજિટલ યુગમાં સુરક્ષા પણ ડિજિટલ સાવચેતીથી જ જરૂરી છે

## જન્મ કુંડળી અને તેના 12 ભાવ... લગ્ન ભાવ

ગત અઠવાડિયે આપણે ગરવી ગુજરાત ન્યુઝ પેપરના દિવાળી અંકમાં જન્મ કુંડળી અને તેના 12 ભાવ ની માહિતી લીધી હતી તેમાંનો પ્રથમ ભાવ એટલે લગ્ન ભાવ એના વિશે જ્યોતિષ આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધીનું માનવું છે તે પ્રમાણે લગ્ન ભાવ વિશે નીચે પ્રમાણે માહિતી મળે છે

જ્યોતિષ-આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી-કેનેડા




જન્મકુંડળીનું પ્રથમ સ્થાન : જીવનનું પ્રતિબિંબ - "લગ્ન ભાવ"

જ્યોતિષ શાસ્ત્ર મુજબ જન્મકુંડળીમાં કુલ 12 સ્થાન (ભાવ) હોય છે, જેમાં દરેક ભાવ જીવનના અલગ ક્ષેત્રો દર્શાવે છે. પરંતુ આ બારેયમાં સૌથી અગત્યનું સ્થાન છે પ્રથમ ભાવ, જેને "લગ્ન ભાવ" કે "તનુ ભાવ" તરીકે ઓળખવામાં આવે છે.

લગ્ન ભાવ શું દર્શાવે છે?

જ્યારે કોઈ બાળકનો જન્મ થાય છે, ત્યારે એ ક્ષણે પૂર્વ દિશામાં જે રાશિ ઉગતી હોય છે, તે રાશિ "લગ્ન રાશિ" કહેવાય છે. એ જ રાશિ કુંડળીના પ્રથમ ભાવમાં સ્થિત થાય છે. આ ભાવ વ્યક્તિનું શારીરિક સ્વરૂપ, સ્વભાવ, વ્યક્તિત્વ અને જીવનનો આરંભબિંદુ દર્શાવે છે.

પ્રથમ ભાવનું મહત્વ

આ સ્થાનથી વ્યક્તિના આરોગ્ય, દેખાવ અને જીવનશક્તિ વિશે માહિતી મળે છે. વ્યક્તિ કેવી રીતે વિચારે છે, કેવી રીતે વર્તે છે અને દુનિયા સામે પોતાની ઓળખ કેવી રીતે રજૂ કરે છે, તે પણ આ ભાવ બતાવે છે.

આ ભાવને જો મજબૂત ગ્રહો સહકાર આપે, તો વ્યક્તિ આત્મવિશ્વાસી, તંદુરસ્ત અને સફળ બને છે.

લગ્નેશનો પ્રભાવ

લગ્ન ભાવનો સ્વામી ગ્રહ "લગ્નેશ" કહેવાય છે. જો લગ્નેશ શુભ સ્થાનમાં હોય, તો વ્યક્તિના જીવનમાં પ્રગતિ, માન-સન્માન અને ઉત્સાહ વધે છે. પરંતુ જો તે નબળો હોય, તો આરોગ્ય અથવા આત્મવિશ્વાસ સંબંધિત પડકારો આવી શકે છે.

અંતિમ શબ્દ

પ્રથમ ભાવ કુંડળીનો આધારસ્તંભ છે – એ શરીર, મન અને આત્માનું પ્રતિબિંબ છે. આ સ્થાન જો શક્તિશાળી હોય, તો આખું જીવન તેજસ્વી અને સંતુલિત બને છે.

## લાભ પાંચમ

લાભ પાંચમનો પાવન તહેવાર કારતક સુદ પંચમના દિવસે મનાવવામાં આવે છે. દિવાળીના પર્વ પછી આવતા આ દિવસે ખાસ કરીને વેપારીઓ અને વ્યાપારીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાય છે. આ તહેવાર 'લાભ' અને 'પાંચમ' શબ્દોથી બનેલો છે, જ્યાં 'લાભ'નો અર્થ છે લાભ (ફાયદો) અને 'પાંચમ'નો અર્થ છે પંચમી, એટલે કે પાંચમો દિવસ.

લાભ પાંચમનું ધાર્મિક મહત્વ:

દિવ્ય શરૂઆતનો દિવસ: લાભ પાંચમને નવા કાર્ય આરંભ કરવાનો શુભ દિવસ માનવામાં આવે છે. ખાસ કરીને વેપારીઓ માટે તે નવા હિસાબના પુસ્તક (બહી ખાતા) શરૂ કરવાનો દિવસ હોય છે. ભગવાન ગણેશ તથા માં લક્ષ્મીજીનું પૂજન કરીને સફળતાની પ્રાર્થના કરવામાં આવે છે.

માત્રિકા પૂજન અને ધર્માધારણા: કેટલીક પ્રાચીન માન્યતાઓ અનુસાર, આ દિવસે માતાઓ માટે 'માતૃકા પૂજન' કરવામાં આવે છે. દેવીનાં સ્વરૂપોનું પૂજન કરીને સ્ત્રીઓ પરિવાર માટે શુભફળોની ઈચ્છા રાખે છે.

લક્ષ્મીજીનું આગમન: એવી માન્યતા છે કે દિપાવલીના પાંચમાં દિવસે, માં લક્ષ્મી પૃથ્વી પર ફરી વળે છે અને જેઓ નિષ્ઠા પૂર્વક પૂજન કરે છે તેમને કૃપા પ્રાપ્ત થાય છે. એટલે આ દિવસે લક્ષ્મી પૂજન ખૂબ મહત્વ ધરાવે છે.

શુભ કાર્ય આરંભ: આ દિવસે નવા વ્યવસાય શરૂ કરવો, દુકાન ખુલ્લી રાખવી, વેપાર-વેવહાર શરૂ કરવો ખૂબ શુભ માનવામાં આવે છે. વેપારીઓ માટે તે પ્રકારનું 'નવું વર્ષની શરૂઆત' તરીકે માન્ય હોય છે.

શ્રદ્ધા અને ભક્તિ: લોકો શ્રદ્ધાપૂર્વક ઘરમાં લક્ષ્મી પૂજન કરે છે, શાસ્ત્રોક્ત મંત્રો અને સ્તોત્રોનું પાઠ કરે છે. જેના કારણે ઘરમાં શાંતિ, સમૃદ્ધિ અને સુખ-સમૃદ્ધિ વધે છે એવું માનવામાં આવે છે.

ધાર્મિક શબ્દોમાં કહીએ તો:

"શુભ કાર્યોનું આરંભકાળ,
લાભ પવિત્ર પંચમનો વ્રતાળ,
શ્રી લક્ષ્મીજીનાં ચરણમાં અખંડ ભક્તિ વ્હાલ,
વ્યાપાર-ધંધામાં થાય લાભ થાય છે

ગરવી ગુજરાત ન્યુઝ પેપર તરફથી પ્રિય વાચક મિત્રોને લાભ પાંચમની ખુબ ખુબ શુભેચ્છાઓ

**Wish you Happy Diwali and New Year**

**Wide Range of Mortgage Options Available**

• Residential • Commercial • Business Loan

- New To Canada
- High Networth
- Business For Self
- Medical Professionals
- First Time Home Buyers
- Airbnb Properties
- Self Employed
- Student Rental
- 1st & 2nd Mortgage
- Debt Consolidation
- Spousal Buyout
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Scan my Business Card

Download My Free Mortgage App



Let's talk! Your FREE consultation awaits.

**Call Today: 647-893-1311**

**Dhavalkumar Patel**
Mortgage Agent Level 2

@yourmortgagepoint

MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8

🙏 Please Don't drink and drive — your loved ones are waiting for you. 🙏

**MURTI'S KITCHEN**

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori
- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak
- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

**Winter Special**

***METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)***

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફેશ ... ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# મૈત્રી, કરાર અને લાગણી – જીવનના અહેસાસની સફર


લેખક: ભરતભાઈ ભાનુશાળી, વિસનગર, ગુજરાત

મૈત્રી - એ શબ્દમાં એક અદ્‌ભુત ઉષ્મા છુપાયેલી છે. સાચી મૈત્રી એ નિઃસ્વાર્થ, નિર્મળ અને નિખાલસ સંબંધનું રૂપ છે. જ્યાં સ્વાર્થના વાદળો ન હોય, ત્યાં મૈત્રીનો સૂર્યપ્રકાશી ઉદય થાય છે. સાચી મૈત્રીમાં કોઈ કરાર, શરત કે ગણતરી ન હોય – ફક્ત ભાવ, વિશ્વાસ અને સહઅસ્તિત્વની સુગંધ હોય.

જ્યાં કરાર હોય, ત્યાં પ્રેમનો પ્રવાહ સૂકાઈ જાય છે. કરારમાં બંધાયેલું પ્રેમ કદી પણ જીવંત ન રહે. પ્રેમ એ મોકળું આકાશ છે - જેને કોઈ સીમા નથી, કોઈ કાયદો નથી. સાચો પ્રેમ એ અહોભાવનો અવિરત ઝરણો છે, જે હૃદયથી હૃદય સુધી વહે છે. કરારથી જન્મેલો પ્રેમ ફક્ત નાટ્યરૂપ સંબંધ બને છે, જયારે મૌન સમજૂતીથી જન્મેલો પ્રેમ દિવ્ય અનુભૂતિ બને છે.

"આંખો" બોલે ને "દિલ" સાંભળે - એ લાગણીનો અદભુત સંગમ છે. શબ્દ વિના સમજી શકાય એ ભાવની પવિત્ર શક્તિ છે. આંખોમાં રહેલા ભાવના સમુદ્ર હૃદયને સીધો સ્પર્શ કરે છે. શબ્દો કરતાં આંખો વધારે સત્ય બોલે છે, કારણ કે તેમાં છે આંતરિક સચ્ચાઈનો પ્રતિબિંબ.

લાગણીના વ્યવહારને લેખા-જોખાની જરૂર નથી.




લાગણી એ મુલ્યહીન પણ અમૂલ્ય સંપત્તિ છે. જે વ્યક્તિ દરેક સંબંધને ગણતરીમાં તોલે છે, તે ક્યારેય ખરા સંબંધનો આનંદ અનુભવી શકતો નથી. લાગણીઓનું સૌંદર્ય એમાં છે કે તે અપરિમિત, અવિનાશી અને અપાર છે.

સંબંધ એ ભાવના, વિશ્વાસ અને સમર્પણનો સંગમ છે. જ્યાં સ્વાર્થ, અહંકાર અને શંકા આવે ત્યાં સંબંધની પવિત્ર નદી ધૂંધળી બને છે. સાચા સંબંધો માટે જરૂર છે એક સજ્જન હૃદયની, એક સંવેદનશીલ માનસિકતાની, અને એક સત્યનિષ્ઠ મનની.

મૈત્રીમાં હોય હાસ્યની મીઠાશ, પ્રેમમાં હોય ભાવના નો ઉન્માદ, અને લાગણીઓમાં હોય જીવનનો સ્નેહી રંગ. કોઈની આંખોમાં પ્રેમ દેખાય ત્યારે હૃદયમાં અદભુત શાંતિ અનુભવે છે. કોઈ મિત્રનો હાથ પકડો તો અપરિમિત વિશ્વાસ અનુભવાય છે.

આ દુનિયામાં સૌથી મોટું ધન એ નથી કે આપણી પાસે કેટલું છે, પણ એ છે કે કોણ આપણી સાથે છે. જે સાથે છે તે સાચા હોય, નિખાલસ હોય - એજ છે જીવનની સૌથી સુંદર પ્રાપ્તિ.

આ દુનિયામાં સૌથી મોટું ધન એ નથી કે આપણી પાસે કેટલું છે, પણ એ છે કે કોણ આપણી સાથે છે. જે સાથે છે તે સાચા હોય, નિખાલસ હોય - એજ છે જીવનની સૌથી સુંદર પ્રાપ્તિ.

મૈત્રીને કરારથી દૂષિત ન કરો, પ્રેમને શરતોથી બાંધો નહીં, અને લાગણીને હિસાબમાં ન માપો.

સાચા સંબંધો હંમેશા હૃદયના આકાશમાં ચમકતા તારાઓ જેવા હોય છે તે કદી ડગે નહીં, ફક્ત ઝળહળતા રહે છે.

# નૂતન વર્ષાભિનંદન



લેખક: નિર્મળાબેન દરજી, કેનેડા

નૂતન વર્ષાભિનંદન

ચાલો નવા વર્ષમાં થોડાક નવા સંકલ્પો કરીએ

વિક્રમ સંવત 2082નું નવું વર્ષ ચાલુ થઇ ગયું. નવી આશા, નવી ઈચ્છાઓ અને સપના લઈને આવતું નવું વર્ષ ખુબ રોમાંચકારી હોય છે. આમ જોઇએ તો નવું વર્ષ માત્ર એક દિવસનું નથી... તે 365 દિવસનું હોય છે. દરરોજ દરેક ક્ષણ ખુશ રહેવાની શુભેચ્છા આપતી રહે છે. આપણા નવા સંકલ્પો, સિદ્ધિઓ સાકાર થાય માટે લોકો આપણને પ્રેરણા અને શુભેચ્છા આપતા હોય છે. આ સંકલ્પો અને સિધ્ધિઓ પ્રાપ્ત કરવા માટે આપણે ચિંતન, મનન અને સતત પ્રયાસ કરીએ તે ખુબ જરૂરી છે. તો જ પરિણામ મળતું હોય છે. કોઇ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવા મનની સંકલ્પ શક્તિ ખુબ મહત્વની હોય છે.

આપણે જીવનમાં સુખી અને સમૃદ્ધ થવું હોય તો સુખને સમજવું પડે તે માટે કેમ જીવવું? કેમ વર્તન કરવું? લોકો સાથેના સબંધો કેવી રીતે સાચવવા આ બધી બાબતો સમજીએ તો જીવન જીવવા જેવું લાગે છે. થોડા સંકલ્પો સાથે જીવવાથી જીવન જીવવા જેવું લાગે છે.

સવારે વહેલા ઉઠી યોગ, પ્રાણાયામ થોડી શારિરીક કસરતથી આખો દિવસ ઉત્સાહભેર પસાર થાય છે. સવારે ઉઠતા પહેલા આંખો બંધ કરી મનમાં પાંચ વિચારોનું મનન ચિંતન કરવું જોઈએ.

1. હું ખુશ છું 2. હું તંદુરસ્ત છું. 3. હું આર્થિક રીતે સમૃદ્ધ છું. 4. મારા પરિવાર, મિત્રો ખુબ સારા છે. 5. આ બધા સુખ આપવા બદલ હું ઈશ્વરનો આભારી છું. આ વાતો આપણને સામાન્ય લાગે છે પરંતુ વિચારોની અદ્રશ્ય તાકાત છે તેને આપણે અનુભવ દ્વારા જ સમજી શકીશું.

માણસના જ્ઞાન કરતાં તેનો અભિગમ વધુ મહત્વનો હોય છે. એટિટ્યુડ એટલે વાણી, વર્તન અને વ્યવહાર જે માણસનું વ્યક્તિત્વ ઘડે છે. આપણે એક સારા નાગરિક બનવાનો સંકલ્પ લઈએ એ રાષ્ટ્ર માટે જ નહીં પરંતુ આપણા માટે પણ ખુબ જરૂરી છે. બીજાને નડવું નહીં તે સંકલ્પ પણ વ્યક્તિને માણસ બનાવે છે. જીવન જીવવા માટે આર્થિક જાગૃતિ પણ ખુબ જરૂરી છે. સારૂ જીવન જીવવા માટે આર્થિક આયોજન પણ ખુબ જરૂરી છે. તેના માટે નિયમિત બચત, રોકાણ વગેરેની ટેવ પાડવી એ સુખી જીવન જીવવા માટેનો સૌથી મોટો સંકલ્પ છે. આવા સરળ સંકલ્પોથી જ આંગણે સુખ સમૃદ્ધિના તોરણ બંધાય છે.

જિંદગીને સરળ રાખવા માટેની પહેલી શરત એ છે કે ખોટા ભાર મન પર હાવી ન થવા દેવા. દરેક માણસનો એક પ્રોબ્લેમ હોય છે કે જે યાદ રાખવા જેવું હોય છે સારી વાતો, સંવાદો, સારા પ્રસંગો ભુલી જઈએ છીએ. અને કોઇ સાથે ઝઘડો, સંઘર્ષ થયો હોય, મનદુઃખ થયું હોય તે યાદ રાખીએ છીએ.

જે વાતોથી આપણે સતત દુઃખી અને ડિસ્ટર્બ રહેતા હોઈએ છીએ. ભુલવા જેવું ભુલીએ તો યાદ રાખવા જેવું યાદ રહે છે. કોઈ પણ ખુશીની વાત યાદ આવીને આપણા ચહેરા પર હળવાશ પ્રસરે એ જ વાત યટાદ રાખવી જોઈએ. બીજી એક વાત માફી આપવાની છે. ભુલ થઈ હોય તો માફી માગી લેવી અને માફી આપી દેવી. તોજ ઘણી બધી વેદનાઓથી મુક્ત થઈ સરસ જિંદગી જીવી શકાય.

આજના સમયમાં સૌથી મોટો ખતરો સાઈબર ક્રાણનો છે. નવા વર્ષમાં એ નક્કી કરવા જેવું છે કે હું એટલી કાળજી રાખીશ કે કોઇ સાઈબર ફ્રોડનો શિકાર ન બનું. કોઇ પણ ફેક ન્યુઝથી બચવું જોઈએ. આખો મીચીને કંઈ ફોરવર્ડ ના કરવું. ડિજિટલ ડિસિપ્લીન એ અત્યારની સમયની સૌથી મોટી જરૂરિયાત છે. સૌશિયલ મિડિયા કે વોટ્સએપમાં ચાલતી વાતો કે મેસેજ સાચા માની લેવામાં ખુબ જોખમ રહેલું છે. કેટલીક વાતો અને કેટલાક નુસખા, રીલ્સ સદંત્તર ખોટા હોય છે.

રોજ રોજ સુવાક્યો અને બીજું કન્ટેન્ટ એકબીજાને મોકલતા હોઈએ છીએ. પણ એ બીજાને ગમશે કે નહીં તેનો વિચાર કરવા જોઈએ. આવી આદતો બીજાને ઈરિટેટ કરતી હોય છે. ગ્રુપમાં પણ કેટલીક શિસ્ત જાળવવી પડે છે. અમુક ગ્રુપ કોઈ ચોક્કસ હેતુ માટે બનતા હોય છે. એમાં નકામી પોસ્ટ કે જોક્સ ઠપકારીને આપણે બીજાને હેરાનગતિ ન થાય તે વિચારવું જોઈએ. આવા સંકલ્પો આપણા જીવનમાં ઉતારીને એક સારા નાગરિક સારા માણસ નવા વર્ષમાં બનીએ તો જ ઘણું છે. હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખી કરેલા સંકલ્પો સુખી જીવનની ચાવી છે.


Diwali OFFER
MitRam INDIAN GROCERY
Diwali OFFER
દિવાળી ઓફરનો લાભ ચાલુ છે
ALL SPICES 20% Off
PULSES 15% Off
AKASH NAMKEEN 25% Off
MTR READY TO EAT 25% Off
CHAKKI ATTA 20 lb $18 $12.90
SHARBATI ATTA 20lb $17 $14.90
FINE BESAN 1.6Kg 1 for $5.5 2 for $10
W B TEA 1Kg $10.5 $9.90
POHA 800gm $3 $2.5 3LB $4 $3.5
MAKHANA 400Gm $16 $14
MAMRA BASMATI 400 Gm 1 for $3 2 for $4
MAMRA KOLHAPURI 400gm 1 for $3.5 2 for $5
ALL MAYONNAISE Buy 1 @ $3 Buy 2 Get 1 Free @ $6
ALL FLAVOURED MAKHANA 80GM Buy 1 @ $3 Buy 3 $9 @ $7.5
FLAVOURED DRYFRUITS $6 $4.90 EACH
MITRAM NAMKEEN 10% OFF
KHAKHRA $1.99 EACH
KESAR MANGO PULP 1 for $4 2 for $7
ALPHONSO MANGO PULP 1 for $5 2 for $9
KOLHAPURI GOR (jaggery) 5.5Kg $15 $11.90
DESHI GOR (jaggery) 2Kg $6 $5.5
DESHI GOR (jaggery) 4Kg $12 $10
CHIA SEEDS 200gm $4 $2
FLAX SEEDS 200gm $3 $1.5
PUMPKIN SEEDS 200gm $4 $3
SUNFLOWER SEEDS 200gm $3 $2.5
BASIL SEEDS 200gm $4 $2
CASHEW 400gm $7.5 $7
ALMONDS 400gm $8 $7
APRICOT 400gm $7 $5.5
Whatsapp Group
PISTACHIO 400gm $9.5 $9
RAISIN 400gm Green $6 $5.5 Black $7 $5.5
MOUTH FRESHENER 400GM $4 150GM $2 Jar
Offer PDF
Limited Quantities Available | Taxes Extra | Price Subject To Change Without Notice
+14374310244 Mitram Foods Ltd. 386 Deerhurst Dr, Brampton, ON L6T 5H9, Canada

**Wish you Happy Diwali and New Year**




# HOMELIFE

HIGHER STANDARDS

**HOMELIFE/MIRACLE REALTY LTD.**

**Brokerage, Independently Owned & Operated**

## SANJU PATEL

**Broker**



**DIRECT** 647-721-0491

**OFFICE** 905-454-4000

**FAX** 905-463-0811

REALTOR®

MLS MULTIPLE LISTING SERVICE®

**Email** realtorsanju@gmail.com

**Web** www.shivbijhomes.com

# "ડિજિટલ એરેસ્ટ (Digital Arrest)"

"ડિજિટલ એરેસ્ટ (Digital Arrest)" – આ શબ્દ છેલ્લા કેટલાક વર્ષોમાં ખુબ ચર્ચામાં આવ્યો છે, ખાસ કરીને સાયબર ઠગાઈ (Cyber Fraud) સાથે સંબંધિત છે.

ચાલો સરળ ભાષામાં સમજીએ

શું છે "ડિજિટલ એરેસ્ટ"?

"ડિજિટલ એરેસ્ટ" એટલે સાયબર ક્રિમિનલ્સ દ્વારા બનાવેલી ખોટી કાનૂની કાર્યવાહીનો ભાસ કરાવીને કોઈ વ્યક્તિને ડરાવવી અને પૈસા પડાવવાની એક નવી ઠગાઈની રીત.

કેવી રીતે થાય છે?

ઠગ લોકો પોતાને પોલીસ અધિકારી, CBI ઓફિસર, અથવા સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેટર તરીકે રજૂ કરે છે.

તેઓ કહે છે કે તમારું નામ કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ (જેમ કે ડ્રગ્સ, મની લોન્ડરિંગ, કુરિયર કેસ) સાથે જોડાયેલ છે.

પછી તમને કહેવામાં આવે છે કે "તમારું ડિજિટલ એરેસ્ટ થયું છે – એટલે તમે ક્યાં જ નહીં જઈ શકો, તમારા બધા એકાઉન્ટ મોનિટર થઈ રહ્યા છે."



તેઓ તમને વીડિયો કોલ પર રાખે છે, "બોગસ ID કાર્ડ" બતાવે છે, અને પછી કહે છે કે "તમારું નિર્દોષપણું સાબિત કરવા માટે તમારે પૈસા ફ્રીઝ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા પડશે."

એ રીતે વ્યક્તિ ડરી જાય છે અને પૈસા ટ્રાન્સફર કરી દે છે.

ઉદાહરણ

કોઈ વ્યક્તિને કોલ આવે કે:

"હું મુંબઈ ક્રાઈમ બ્રાંચથી બોલું છું. તમારું નામ એક કેસમાં છે, તમારું એડહર અને બેંક ડેટા તપાસ હેઠળ છે.

તમારું ડિજિટલ એરેસ્ટ થઈ ગયું છે – હવે ફક્ત વીડિયો કોલ પર જ રહેશો."

આ રીતે ઠગો વ્યક્તિને સતત વીડિયો કોલ પર રાખીને મગજ ધોઈ લે છે.

સાચી વાત

ભારતમાં "ડિજિટલ એરેસ્ટ" જેવી કોઈ કાનૂની પ્રક્રિયા જ નથી.

પોલીસ કે કોઈ એજન્સી આવી કાર્યવાહી ફોન અથવા વીડિયો કોલથી નહીં કરે.

જો કોઈ કહે કે તમારું ડિજિટલ એરેસ્ટ થયું છે – તો એ 100% ઠગાઈ છે.

બચાવ કેવી રીતે કરવો?

અજાણ્યા નંબર પરથી આવતાં કૉલ/વીડિયો કૉલનો જવાબ ન આપવો.

કોઈ પણ અધિકારીની ઓળખને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ચકાસવી.

કોઈને OTP, એકાઉન્ટ વિગત કે પૈસા ન મોકલવા. તરત Cyber Crime Portal (www.cyber-crime.gov.in) પર રિપોર્ટ કરવો.

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!

Parth Patel
647 655 5029

Let's Be popular

Find on Google

# Wish you Happy Diwali and New Year

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
Dominion Lending Centres

## Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more




CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707












**કેનેડા ખાતે શ્રી હિન્દુ મહાસભા મંદિરના સિનિયર ગ્રુપ દ્વારા ભવ્ય દિવાળી સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું અને સિનિયર ગ્રુપના સભ્યો દ્વારા ટ્રેડિશનલ ડ્રેસમાં નૃત્ય જેવી પ્રવૃત્તિ કરવામાં આવી હતી અને સૌ સિનિયરોએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી અને સાથે મહાપ્રસાદિ લઈ આનંદ કર્યો હતો.**

PEGASUS
MORTGAGE LENDING CENTER INC.
FSRA Lic # 11479 | Lic # M25001526

Jaimin Patel
Mortgage Agent Level 1

1457 McCowan Road, Suite 202
Toronto, ON M1S 5K7
Office (416) 281-9628

(226) 975-8054
jaimin.patel@pegasusmortgages.com
www.mortgagewithjp.com
www.facebook.com/pegasuslending

JTP FINANCIAL SERVICES

Wish you Happy Diwali and New Year

Financial Freedom Starts Here

# Mastering Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?



JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

## Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning

JOYCE TSANG-PATEL

Phone Number: 416-845-1323

Website: www.jtpfinancial.ca

# સ્વાધ્યાય પરિવાર – ભક્તિથી માનવતાની સફર



માનવ જીવનનો હેતુ શું છે? શું તે માત્ર ખાવા, કમાવવા અને આનંદમાં સમય વિતાવવાનો છે કે પછી કંઈ વધુ ઊંચું ધ્યેય પણ છે? આ પ્રશ્નનો આધ્યાત્મિક અને વૈચારિક જવાબ આપે છે સ્વાધ્યાય પરિવાર - એક એવો વિચારપ્રવાહ જે પાંડુરંગ શાસ્ત્રી આઠવલેએ (સ્વધર્મે "દાદાજી" તરીકે ઓળખાતા) શરૂ કર્યો હતો.

સ્વાધ્યાયનું મૂળ તત્ત્વ

"સ્વાધ્યાય" શબ્દનો અર્થ છે – "પોતાનો અધ્યયન કરવો." એટલે કે, પોતાની અંદરના ઈશ્વરને ઓળખવાનો પ્રયત્ન.

દાદાજી કહેતા હતા –

"ઈશ્વર મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરુદ્વારામાં નથી – ઈશ્વર તો દરેક મનુષ્યમાં વસે છે."

આ વિચાર સ્વાધ્યાયનું આધારસ્તંભ છે. જ્યારે આપણે દરેક વ્યક્તિમાં ઈશ્વર જોયે છીએ, ત્યારે આપણે કોઈનો તિરસ્કાર નથી કરતા, પણ સૌને ભક્તિભાવથી સ્વીકારીએ છીએ.

દાદાજીનું વિઝન

પાંડુરંગ શાસ્ત્રી આઠવલેએ એક અનોખી સામાજિક ક્રાંતિ ભક્તિના આધારે શરૂ કરી – ભક્તિથી સમાજમાં પરિવર્તન.

તેમનો વિશ્વાસ હતો કે જો દરેક વ્યક્તિ ઈશ્વરપ્રેમી અને ભક્તિભાવથી જીવશે તો સમાજ આપોઆપ નૈતિક અને સમૃદ્ધ બનશે.

દાદાજીએ સમાજને કહ્યું –

"તમે અન્ય માટે જીવશો તો ઈશ્વર તમારા માટે જીવશે."

સ્વાધ્યાયના મુખ્ય સિદ્ધાંતો

અહમ્ બ્રહ્માસ્મિ - હું ઈશ્વરનો અંશ છું.

ઈશ્વર દરેકમાં વસે છે - તેથી સૌમાં સમાન દૈવી શક્તિ છે.

અપરિગ્રહ અને અહિંસા - લાલચ વિના, પ્રેમથી જીવવું.

ભક્તિથી સેવા - ભક્તિ એટલે ઈશ્વર માટે પ્રેમ, અને ઈશ્વર દરેકમાં છે એટલે માનવસેવા પણ ભક્તિ છે.

સ્વાધ્યાયની પ્રવૃત્તિઓ

સ્વાધ્યાય પરિવાર કોઈ સંપ્રદાય નહિ, પરંતુ ભક્તિ આધારિત જીવનપ્રવૃત્તિ છે. દાદાજીએ અનેક સર્જનાત્મક પ્રયોગો શરૂ કર્યા –

ભક્તિ ફેરોઃ સ્વાધ્યાયીઓ ગામથી ગામ જઈ ભક્તિનો સંદેશ આપે છે.

યોગેશ્વર કૃષિઃ ખેતીને ભક્તિ સાથે જોડવાનો અનોખો પ્રયાસ.

વૃક્ષમંદિરઃ ગામમાં એકત્રિત ભક્તિથી ઉગાડેલા ફળો સમાજના ઉપયોગ માટે.

અપ્તધનઃ એકબીજાને આધ્યાત્મિક સંપત્તિ આપવાનો ઉપક્રમ.

ભક્તિ પંથઃ ગ્રામ્ય અને શહેરી જીવનમાં ભક્તિનું જાગરણ.

આ પ્રવૃત્તિઓએ માત્ર આધ્યાત્મિક જ નહીં, પરંતુ સામાજિક એકતા અને સ્વાવલંબનનું બળ પણ આપ્યું.

વૈશ્વિક સ્તરે સ્વાધ્યાય

આ વિચારધારાએ સરહદો પાર કરી દીધી છે. આજે સ્વાધ્યાય પરિવારમાં લાખો લોકો ભારત સહિત અમેરિકા, યુરોપ, આફ્રિકા અને એશિયાના અનેક દેશોમાં જોડાયેલા છે.

દાદાજીના વિચારોને કારણે જ યુનેસ્કો અને અનેક આંતરરાષ્ટ્રીય સંગઠનોએ તેમને માન આપ્યો હતો.

દાદાજીની અંતિમ વાણી

"સ્વાધ્યાય એ કોઈ સંસ્થા નથી, એ એક જીવંત વિચાર છે.

વિચાર જો જીવંત હોય તો માણસ કદી મરતો નથી."

આજ પણ લાખો સ્વાધ્યાયીઓ દાદાજીના આ વિચારોને પોતાના જીવનમાં ઉતારીને માનવતાની ભક્તિભાવથી સફર કરી રહ્યા છે.


સમાપન

સ્વાધ્યાય પરિવાર એ આપણને શીખવે છે કે સાચો ધર્મ કોઈ ધાર્મિક વિધિમાં નહિ, પરંતુ પ્રેમ, ભક્તિ અને સેવામાં વસે છે.

જ્યારે દરેક મનુષ્ય પોતાના અંદરના ઈશ્વરને ઓળખે છે – ત્યારે વિશ્વ સાચે જ એક પરિવારમાં પરિવર્તિત થઈ જાય છે –

"વસુધૈવ કુટુંબકમ્" – આખું વિશ્વ એક પરિવાર.

## ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર તરફથી પ્રિય વાચકો આદરણીય લેખકગણ અને હંમેશા સહાયક થતા સ્પોન્સર્સ મિત્રોને નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ.


કેનેડામાં થતા કોઈપણ સાંસ્કૃતિક કે ધાર્મિક પ્રોગ્રામના સમાચાર તથા પોતાના ધંધાકીય વિકાસની એડવર્ટાઈઝ માટે સંપર્ક કરો

સુજ્ઞેશ પટેલ

(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન

# પરદેશ પાર્સલ સર્વિસ

DHL | FedEx Express | ups | TNT | dpd

અમેરીકા, યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયા, દુબઈ, ન્યુઝીલેન્ડ, આફ્રીકા તથા અન્ય દેશોમાં

વ્યાજબી ભાવ, ઝડપી સર્વિસ

Free Box Packing
Easy Online Tracking
Free Pick-Up
Worldwide Services

## Air Freight Logistics

ANAND, NADIAD, AHEMDABAD, VADODARA

Mo. : +91 98798 56249